Decora™
Agri Genetics

# તલ પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

- ગુજરાતમાં મુખ્યત્વે તલ નું વાવેતર ત્રણ ઋતુઓ માં કરવામાં આવે છે; ખરીફ (ચોમાસું). રવિ (શિયાળુ) અને ઉનાળુ. દરેક ઋતુ પ્રમાણે વાવણી સમય અને થોડી ખેતી પદ્ધતિમાં ફેરફાર જોવા મળે છે. અહીં સામાન્ય રીતે તલ ની ખેતી પદ્ધતિ વર્ણવવામાં આવી છે, જેમાં ઋતુ પ્રમાણેનો મુખ્ય મુદ્દાઓનો પણ સમાવેશ થાય છે.

## જમીન અને આબોહવા :

- તલ ના પાકને ગોરાડુ, રેતાળ ગોરાડુ અને મધ્યમ કાળી જમીન સૌથી વધુ અનુકૂળ આવે છે. સારા નિતાર વાળી જમીન તલ ના પાક માટે ખૂબ જ જરૂરી છે, કારણ કે પાણી ભરાઈ રહેવા થી છોડને નુકસાન થાય છે. તલ ના પાકને ગરમ અને સૂકી આબોહવા માફક આવે છે. વાવણી સમયે તાપમાન 25-30° સેલ્સિયસ અને પાકની વૃદ્ધિ માટે 30-35° સેલ્સિયસ આદર્શ ગણાય છે.

# ખેતરની તૈયારી :

- ખેતર ને 2-3 વાર હળથી ખેડી ને જમીનને ભરભરી બનાવો. પાછલા પાક ના અવશેષ અને નીંદણ ને દૂર કરો. જમીનની ફળદ્રુપતા વધારવા માટે હેક્ટર દીઠ 5-10 ટન છાણિયું ખાતર અથવા કોમ્પોસ્ ખાતર નાખો અને ખેડતી વખતે જમીનમાં ભેળવી દેવું.
- ઉનાળુ તલ માટે ખેતર માં ભેજ જાળવી રાખવા માટે વાવણી પહેલાં હળવું પિયત આપવું ફાયદાકારક છે.

Decora
Agri Genetics

# વાવણી: :

- ખરીફ પાક : જૂન-જુલાઈ મહિનામાં જ્યારે સારો વરસાદ થાય ત્યારે વાવણી કરવી જોઈએ.

- રવિ પાક : ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં જ્યારે ઠંડી ની શરૂઆત થાય ત્યારે વાવણી કરવામાં આવે છે.
- ઉનાળુ પાક ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં વાવણી કરી શકાય છે.
- બીજ ની માત્રા હેક્ટર દીઠ 5.5 (ઉનાળુ), 2.15 (ચોમાસું) કિલો ગ્રામ રાખવી જોઈએ. તલ ના બીજ ખૂબ જ નાના હોવાથી ઓછી માત્રામાં જરૂર પડે છે. બે હાર વચ્ચેનું અંતર 45-60 સેન્ટિમીટર અને બે છોડ વચ્ચેનું અંતર 15-20 સેન્ટિમીટર રાખો. બીજ ને 1-2 સેન્ટિમીટર ઊંડાઈ એ વાવો. વધારે ઊંડાઈ એ વાવવાથી ઉગવામાં તકલીફ થઈ શકે છે. વાવણી પહેલાં બીજ ને થાયરમ અથવા કાર્બેન્ઝાઝીમ જેવી ફૂગ નાશક દવાનો પટ આપો. બીજ ને રેતી અથવા રાખ સાથે ભેળવીને વાવવાથી સમાન અંતરે વાવણી કરી શકાય છે.

## ખાતર અને પોષણ :

- જમીન પરીક્ષણ ના આધારે ખાતર આપવું વધુ સારું છે. સામાન્ય રીતે હેક્ટર દીઠ-40-60 કિલોગ્રામ નાઇટ્રોજન, 20-30 કિલોગ્રામ ફૉસ્ફરસ અને કિલોગ્રામ પોટાશ ની જરૂર પડે છે. નાઇટ્રોજન નો અડધો ભાગ અને ફૉસ્ફરસ તથા પોટાશ નો પૂરો ભાગ વાવણી વખતે પાયા ના ખાતર તરીકે આપો. બાકીનો નાઇટ્રોજન બે હપ્તા માં, પ્રથમ પિયત વખતે અને ફૂલ આવવાની શરૂઆત થાય ત્યારે આપી શકાય.

Decora
Agri Genetics

# સિંચાઇ :

- તલ ના પાકને ઓછી સીંચાઈની જરૂર પડે છે, પરંતુ કટોકટી ના સમયે પાણીની ખેંચ ન પડવી જોઈએ. ત્યારબાદ જમીનમાં ભેજ ની જરૂરિયાત મુજબ 15-20 દિવસ ના અંતરે પિયત આપતા રહો. વાવણી પછી તરત જ હળવું પિયત આપો. ખરીફ પાકને સામાન્ય રીતે વરસાદ આધારિત ખેતી કરવામાં આવે છે, પરંતુ જો વરસાદ ખેંચાય તો પૂરક સિંચાઇ આપવી જરૂરી છે. ફૂલ આવવાનાં અને ડોડવા બેસવા ના સમયે પિયત ની ખેંચ ન પડવા દો. ઉનાળુ પાકમાં 8-10 દિવસ ના અંતરે નિયમિત પિયત આપવું પડે છે.

Decora
Agri Genetics

## નીંદણ નિયંત્રણ :

- તલ ના પાકમાં શરૂઆત ના 30-40 દિવસ સુધી નીંદણ મુક્ત રાખવું ખૂબ જ જરૂરી છે, કારણ કે આ સમય ગાળા દરમિયાન નીંદણ પાકની વૃદ્ધિને અવરોધે છે. હાથ થી અથવા આંતર ખેડ કરીને નીંદણ દૂર કરી શકાય છે. રાસાયણિક નીંદણ નાશક દવાઓ નો ઉપયોગ પણ કરી શકાય છે. દવા વાવણી પહેલાં જમીનમાં ભેળવી દેવાથી નીંદણ નું નિયંત્રણ કરી શકાય છે.

Decora
Agri Genetics

## જીવાત અને રોગ નિયંત્રણ :

- તલ ના પાકમાં મોલોમશી, સફેદ માખી, પાન ખાનાર ઇયળ અને ડોડવા કોરી ખાનાર ઇયળ જેવી જીવાતોનો ઉપદ્રવ થઈ શકે છે. તેના નિયંત્રણ માટે યોગ્ય કીટ નાશક દવાઓ નો ઉપયોગ કરો. પાનના ટપકાં, ભૂકી છારો અને મૂળ નો સડો જેવા રોગો પણ તલ ના પાકને નુકસાન પહોંચાડી શકે છે. રોગના નિયંત્રણ માટે રોગ પ્રતિકારક જાતની વાવણી કરવી અને યોગ્ય ફૂગ નાશક દવાઓ નો ઉપયોગ કરવો જરૂરી છે.

Decora
Agri Genetics

# કાપણી :

- જ્યારે પાક ના પાંદડા પીળા થવા લાગે અને ડોડવા પીળાશ પડતા લીલા રંગના થાય ત્યારે કાપણી કરવી જોઈએ. વધુ પડતા પાકવા દેવાથી ડોડવા ફાટી જાય છે અને દાણા ખરી પડે છે. છોડને જમીન નજીકથી કાપી લો અને નાના ઢગલા બનાવીને 2-3 દિવસ તડકામાં સૂકવો. ત્યારબાદ બળદ અથવા ટ્રેક્ટરથી ચલાવવામાં આવતા થ્રેસરની મદદથી દાણા છૂટા પાડો.

Decora
Agri Genetics

# અગત્ય ની નોંધ :

- આ સામાન્ય તલ ની ખેતી પદ્ધતિ છે. તમારા વિસ્તારની આબોહવા અને જમીન ના પ્રકાર અનુસાર તેમાં થોડો ફેરફાર થઈ શકે છે.
- વધુ માહિતી માટે તમારા નજીકના કૃષિ સલાહકાર કે કૃષિ યુનિવર્સિટી નો સંપર્ક કરવો હિતાવહ છે.

Decora
Agri Genetics




Decora™
Agri Genetics

Plot No.4, Survey No.252/P1, Khodiyar Plot, Junagadh-Dhoraji Highway, At-Makhiyala, Ta. & Dist-Junagadh, Gujarat-362011. 📞: +91 99048 71037
✉️ Email: decoraagrigenetics@gmail.com 🌐 Web: www.decoraagrigenetics.com